
## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




જે ફિલ્મમાં હીરો હિરોઈન અને બધા આર્ટિસ્ટોએ માસ્ક પહેર્યો હોય તેવા ફિલ્મની ત્રણ ટિકિટ આપો... મારે મારા સીનીયર સીટીઝન એવા મધર ફાધરને મુવી જોવા લાવવાના છે...!!

# ૨જી ઓક્ટો.ના રોજ જિલ્લાની બે હજાર બહેનો હેન્ડવૉશ કરી સ્વચ્છતા માટે સંકલ્પબદ્ધ થશે

## જિલ્લામાં ૯૬ સ્થાનો પર આ કાર્યક્રમનું કરાયેલુ આયોજન

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાં ૨જી ઓક્ટો.ના રોજ એક હજાર જેટલી કિશોરીઓ અને ૯૦૦થી વધુ મહિલાઓ એક સાથે હેન્ડવોશ કરીને સ્વચ્છતા માટે સંકલ્પબદ્ધ થશે.

૨જી ઓક્ટો.ના રોજ સ્વચ્છતા દિનની ઉજવણી માટે જિલ્લામાં ૯૬ સ્થાનો પર આ અંગેનો કાર્યક્રમ યોજાશે. જેમાં સ્વચ્છ ભારત સ્વસ્થ ભારત અંગેના સંદેશા સાથે આ બહેનો સ્વચ્છતા માટે સંકલ્પબદ્ધ બનશે.

રાજ્યના મુખ્યમંત્રી રૂપાણીના હસ્તે આંગણવાડી કેન્દ્રો અને બ્લોક ઓફિસનું ઈ-લોકોર્પણ અને ભૂમિપૂજનના પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યુ છે.

આ દિવસે આંગણવાડી કેન્દ્રો ખાતે તેડાગર બહેનો તથા આંગણવાડી કાર્યકરોની શ્રેષ્ઠ કામગીરી માટે માતા યશોદા એવોર્ડનું પણ જિલ્લાકક્ષાએ વિતરણ કરવામાં આવનાર છે.

નંદઘર ખાતે ભૂલકાંઓને અપાતી માળખાકીય સવલતો જેવી કે પીવાના પાણી, શૌચાલય સહિતની વિવિધ સુવિધાની કામગીરી માટે રાજ્યકક્ષાએ તૈયાર કરાયેલ એપ (Nita)નું પણ મુખ્યમંત્રી દ્વારા લોન્ચીંગ કરવામાં આવનાર છે.

જિલ્લાકક્ષાએ આ ત્રિવેણી કાર્યક્રમ અંગેની તૈયારીઓ મહિલા-બાળ વિકાસ શાખા દ્વારા હાલ પુરજોશમાં ચાલી રહી છે. આ માટેની તૈયારીઓ તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુકી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર જિલ્લામાં ૮ ઘટકો આવેલા છે જેમાં દરેક ઘટકમાં ૧૨ જગ્યાએ આ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે.

## ખૂણેખાંચરેથી

- જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક હર્ષ યાદવ આજે વય મર્યાદાને લઈ સેવા નિવૃત્ત થયા છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયત દિનેશભાઈ આઈ. સોલંકી નાયબ ચિટનીસ આરોગ્ય શાખા પરંતુ કામગીરી મહેકમ શાખામાં કરતા તેઓ પણ વય મર્યાદાને લઈ આજે સેવા નિવૃત્ત થયા છે.
- રાજ્યના નેશનલ હેલ્થ મિશનના ડાયરેક્ટર જે.ડી. દેસાઈએ આજે સ્વૈચ્છીક નિવૃત્તિ સ્વીકારી છે તો નર્મદા કલેક્ટર મનોજ કોઠારી વયમર્યાદાને લઈ સેવા નિવૃત થયા છે.
- ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસ દ્વારા ગાંધી જયંતિના દિવસે સવારે નવ વાગ્યે સોશિયલ ડિસ્ટન્સીંગની સૂચનાઓના અમલ સાથે ગાંધી બાપુની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પવામાં આવશે.
- રાજ્ય ચૂંટણી પંચ દ્વારા પંચાયતોની સામાન્ય ચૂંટણીને લઈ કરાયેલ નવા સીમાંકન અંગેના આખરી આદેશો એકાદ દિવસમાં જાહેર કરી દેવામાં આવશે.
- રાજ્ય સરકાર દ્વારા અધિકારીઓની બદલીના હુકમો જારી કરવાને લઈ આખો દિવસ અફવા બજાર જામેલુ રહ્યુ હતુ.

### ૧૦૧ દિવસ હોસ્પિટલમાં રહ્યા બાદ

# ભરતસિંહ સોલંકી કોરોનાને હરાવનારા પહેલા એશિયન

ગાંધીનગર,તા.૩૦

ગુજરાત કોંગ્રેસના નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી ભરતસિંહ સોલંકીને કોરોના પોઝિટિવ આવતા તેઓ ૧૦૧ દિવસથી સારવારમાં હતા. ૫૧ દિવસ વેન્ટિલેટર સહિત ૧૦૧ દિવસ હોસ્પિટલમાં રહ્યા બાદ કોરોનાને હરાવીને ભારત જ નહીં પરંતુ એશિયાના સૌથી વધુ દિવસ હોસ્પિટલમાં સારવાર બાદ ડિસ્ચાર્જ કરવામાં આવી રહ્યા છે. તેમને ૨૨મી જૂને વડોદરા હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યાંથી વધુ સારવાર માટે તેમને અમદાવાદની સિમ્સ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. સિમ્સ હોસ્પિટલમાં જ સારવાર લીધી હતી. જો કે આજે તેમનો કોરોના ટેસ્ટ નેગેટિવ આવ્યો હતો અને તબિયતમાં પણ સુધારો થતા તેમને આઈસીયુમાંથી જનરલ વોર્ડમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા. કોરોના સામે છેલ્લા ૧૦૧ દિવસથી લડાઈ લડતા પૂર્વ સાંસદ અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા ભરતસિંહ સોલંકીએ કોરોનાને હરાવ્યો છે.

ત્યારે સિમ્સ હોસ્પિટલમાં તેમના હાલચાલ પૂછવા માટે ગુજરાત કોંગ્રેસના પ્રભારી રાજીવ સાતવ અને વિપક્ષ નેતા પરેશ ધાનાણી પહોંચ્યા હતા. તેમની સાથે અમિત ચાવડા પણ જોડાયા હતા. ૨૨ જૂનના રોજ ભરતસિંહ સોલંકીનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યા બાદ તેમને વડોદરાની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, પરંતુ તેમની તબિયત બગડતા તેમને ૩૦મી જૂનના રોજ અમદાવાદની સિમ્સ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.



ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર ભરતસિંહ સોલંકીને ૧૯ જૂને ચૂંટણી પૂર્ણ થયા બાદ ૨૨ જૂને તુરંત જ કોરોના થયો હતો.

# ફ્રીજના ઠંડા પાણીની જગ્યા સ્વાસ્થ્ય માટે લાભદાયી એવા માટીના માટલા-કુંજ પાછા લઈ રહ્યા છે : અમિતભાઈ

## જિલ્લાના ૧૫ ગામના કુંભાર પરિવારોનો વિધુત ચાક વિતરણ સમારંભ રાંધેજા ગામ ખાતે યોજાયો





સમગ્ર દેશમાં ૪૦૦ રેલ્વે સ્ટેશનનો પર પ્લાસ્ટિકની જગ્યાએ ચા જેવા પીણાને માટીના વાસણમાં આપવાનો આરંભ કરવામાં આવ્યો છે. વર્ષ-૨૦૨૨ સુધીમાં દેશના તમામ રેલ્વે સ્ટેશન પર ખાણી-પીણી માટે પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરવામાં આવશે. તેની જગ્યાએ માટીના વાસણનો વપરાશ કરવામાં આવશે. આ ઉમદા અભિગમ પૂર્ણ થતાં દેશના કોઈપણ કુંભારી કામ કરતો વ્યક્તિ બેરોજગાર નહિ રહે, તેવો દૃઢ વિશ્વાસ આજરોજ વિડિયો કોન્ફરન્સના માધ્યમથી ગાંધીનગર સંસદીય મતવિસ્તારમાં વિધુત ચાક વિતરણ સમારંભમાં સાસંદ અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે વ્યક્ત કર્યો હતો.

ગાંધીનગર જિલ્લાના રાંધેજા અને અમદાવાદ જિલ્લાના સાણંદ ખાતે વિડિયો કોન્ફરન્સ માધ્યમથી યોજાયેલ વિધુત ચાક વિતરણ સમારંભનો આરંભ કરાવી કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે પંડિત દિનદયાળજી કહેતા હતા કે ગરીબના ઘરમાં દીવો પ્રગટાવો કે તેને રોજગારી આપવા જેવું મોટું અને ઉમદા કાર્ય કોઈ નથી. આજે ૨૦૦ જેટલા વિધુત ચાક મેળવનાર કુંભારી કામ કરતાં પરિવારના જીવનને નવી દિશા મળશે.


સ્ટીલ અને અન્ય વાસણો આવતાં માટીના વાસણોનો વપરાશ ઘટવા લાગ્યો હતો. પરંતુ હવે પર્યાવરણ અંગેની જાગૃત્તિ આવતાં પ્લાસ્ટિકનો વપરાશ લોકો સ્વંયમ ભૂ ઓછો કરી રહ્યાં છે. તેમજ ફ્રીજના ઠંડા પાણીની જગ્યા સ્વાસ્થ્ય માટે લાભદાયી એવા માટીના માટલા-કુંજ પાછા લઈ રહ્યા છે.

ગૃહમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે આગામી થોડાક દિવસમાં આધશક્તિના આરાધના કરવાનો નવરાત્રિ મહોત્સવ આવી રહ્યો છે. દેશના વડાપ્રધાનના આહ્‌વાનને સમર્થન આપવા લોકોમાં સ્વદેશી વસ્તુઓનો ઉપયોગ કરવાની માંગ વધી છે. જેથી ચીનથી આવતાં દીવાઓની જગ્યાએ આપણી પરંપરાવાળા માટીના કોડિયાઓની માંગ વધશે. જેથી બજારમાં આપે બનાવેલ દીવાઓનું વેચાણ વધશે, તેવો દૃઢ વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**
**ઈ-ટેન્ડર નિવિદા નં.૦૫ સને ૨૦૨૦-૨૧ (બીજો પ્રયત્ન)**
**આઈ.ડી. નં. ૪૨૮૪૮૨**

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ સહયોગ સંકુલ, બી-વીંગ, પાંચમા માળે, પથિકાશ્રમની બાજુમાં, ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી જી-૨ પાણી પુરવઠા યોજનાના જલુન્દ્રા મુખ્ય હેડવર્કસ ખાતે રીપેરીંગની કામગીરીના કામગીની અંદાજીત કિંમત રૂ. ૧૨,૪૬,૧૨૦.૩૧ માટે યોગ્ય શ્રેણીમાં યોગ્ય પાત્રતા ધરાવતા ઠેકેદારો પાસેથી ભાવો મંગાવવામાં આવે છે. ઠેકેદાર બીડ ડોક્યુમેન્ટના પાત્રતાના ધોરણો મુજબ ઉત્તિર્ણ થવાનું રહેશે. કામની વિગત માટે વેબસાઈટ htpp://gwssb.nprocure.com તથા www.gwssb.org તથા http://www.statetenders.com ઉપર પ્રાપ્ય છે. ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ : ૧૪/૧૦/૨૦૨૦ અને ટેન્ડરમાં ભવિષ્યમાં કરવાના થતા સુધારા ઓનલાઈન મુકવામાં આવશે. કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય એક કે બધા ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર જી.ડબલ્યુ.એસ.એસ. બોર્ડનો રહેશે.

ફોન નં. (૦૭૯) ૨૩૨૬૧૮૭૦ માહિતી/૯૯૬/૨૦-૨૧









સત્યમેવ જયતે ગુજરાત સરકાર
NAFED

# ખેડૂતોના હિતમાં ગુજરાત સરકારનો નિર્ણય

## ટેકાના ભાવે મગફળીની ખરીદી માટેના રજીસ્ટ્રેશનનો આજથી શુભારંભ

રજીસ્ટ્રેશન તારીખ ૧.૧૦.૨૦૨૦ થી ૨૦.૧૦.૨૦૨૦

મગફળીનો ટેકાનો ભાવ

**₹.૫૨૭૫/-** પ્રતિ ક્વિન્ટલ

**₹.૧૦૫૫/-** પ્રતિ મણ

દરેક ગામના ઈ-ગ્રામ કેન્દ્ર તથા એ.પી.એમ.સી. ખાતે વિનામૂલ્યે રજીસ્ટ્રેશન કરવામાં આવશે.

**ઈ-ગ્રામ કેન્દ્ર તથા એ.પી.એમ.સી. પર નોંધણી સમયે સાથે લાવવાના પુરાવા**

- પ્રમાણિત કરેલ આધારકાર્ડની નકલ
- બેંકનો કેન્સલ કરેલ ચેક/પાસબુકના પ્રથમ પાનાની નકલ
- ગામ નમુના નંબર ૭ તથા ૧૨નો ઉતારો
- ગામ નમુના નંબર ૮-અ નો ઉતારો
- તલાટીનો વાવેતરનો દાખલો

## મગફળીની ખરીદીનો તા.૨૧.૧૦.૨૦૨૦ થી શુભારંભ

માસ્ક પહેરો, સામાજિક અંતર જાળવો, સુરક્ષિત રહો
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ ગુજરાત સરકાર | હેલ્પલાઈન નં. : ૮૫૧૧૧૭૧૭૧૮, ૮૫૧૧૧૭૧૭૧૯ ફોન, SMS એસએમએસ દ્વારા સંપર્ક કરી શકાશે | ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત વિભાગ, ગુજરાત સરકાર